# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૧/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ટ્રસ્ટ, અલ્ટર્નેટીવ કન્ટ્રોલ્સ, ક્રિએટીવ ઇનોવેશન્સ, સેલ્ફ મેનેજમેન્ટ અને એક્સ્ટ્રીમ સ્ટેકહોલ્ડર અલાઇમેન્ટ જેવા પાંચ પ્રિન્સીપલ્સ બિઝનેસને રિબૂટ કરવા જરૂરી છે

## ચેમ્બર અને ટાઇ– સુરતના સંયુકત ઉપક્રમે 'રિબૂટ યોર બિઝનેસ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ટાઇ– સુરતના સંયુકત ઉપક્રમે ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'રિબૂટ યોર બિઝનેસ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સેમકોસ્ટાઇલ ઇન્સ્ટીટયુટ ઇન્ડિયાના એફિલીયેટ પાર્ટનર સુશ્રી હરીની શ્રીનિવાસને કોઇપણ સંસ્થા કે ઉદ્યોગ સાહસિકોને તેમના વર્ક ફોર્સમાં હેપ્પીનેસ ક્રિએટ કરવા માટે ઉપયોગી થનારા પાંચ પ્રિન્સીપલ્સ જેવા કે ટ્રસ્ટ, અલ્ટર્નેટીવ કન્ટ્રોલ્સ, ક્રિએટીવ ઇનોવેશન્સ, સેલ્ફ મેનેજમેન્ટ અને એક્સ્ટ્રીમ સ્ટેકહોલ્ડર અલાઇમેન્ટ વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. ખાસ કરીને એચઆર મેનેજરે પીપલ મેનેજરની ભૂમિકામાં આવવુ પડશે તેવી સલાહ તેમણે આપી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેને આવકાર્યા હતા. ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રોગ્રામની રૂપરેખા આપી હતી.

સુશ્રી હરીની શ્રીનિવાસને જણાવ્યુ હતુ કે, હયુમન રિસોર્સિસ (એચઆર)માં રહીને બિઝનેસને સારી રીતે ચલાવવા માટે કર્મચારીઓ પાસેથી કેવી રીતે કામ લેવું કે જેથી કરીને બિઝનેસ પણ ગ્રો થાય અને કર્મચારીઓને પણ કામ કરવામાં મજા આવે તે બાબતે વધારે ઘ્યાન આપીએ તો બિઝનેસ અને કર્મચારીઓ બંને માટે ઘણુ સારુ કરી શકીશુ. સામાન્યપણે કંપનીઓમાં કર્મચારીઓ ટીજીઆઇએફ (થેન્ક ગોડ આઇ ફ્રાઇડે)ને બદલે ટીજીઆઇએમ (થેન્ક ગોડ આઇ મન્ડે) વિશે વિચારતા થાય તેવું વાતાવરણ ઉભું કરવા પ્રયાસ કરવો પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, બિઝનેસ રિબૂટ કરવા માટે લઘુ ઉદ્યોગોને પણ એચઆર હેડનો લાભ મળવો જોઇએ એવુ હું વિચારુ છુ. કંપનીમાં કામ કરતા લોકોની સાથે જે કનેકશન છે એને મજબુત બનાવો. કર્મચારીને પણ ઓફિસમાં આવવાનું ગમવું જોઇએ એવુ વાતાવરણ ઉભુ કરો. એના માટે કર્મચારીઓ ઉપર વિશ્વાસ રાખવો પડશે. તેમની સાથે અલાઇમેન્ટ થઇ જાય એટલે કટ ટુ કટ મેચ થઇ જાય તેનાથી વધારે સારુ બીજું કશું હોઇ ના શકે. બધાની અપેક્ષાઓની સાથે મેચ થઇ જાય તેવુ ઓર્ગેનાઇઝર સ્ટ્રકચર બનાવવું પડશે.

સંસ્થાઓમાં ડેવલપીગ ટીમ અને મેનેજર કયારેક ફિલ્ટર થઇ જાય છે. આપણે પોલિસી નહીં બનાવીએ પણ આપણા લીડર અને એચઆર મેનેજરે માર્કેટમાં કંપનીની સારી જગ્યા બનાવવાની છે. એના માટે સેલ્ફ મેનેજ કરવાનું શીખી લેવું પડે. આ ગુણ બધામાં ઓછાવત્તા અંશે હોય જ છે. જયારે લોકો પોતાનું ડિસીઝન પોતે લેતા થઇ જાય ત્યારે કંપની આગળ જવાના ચાન્સીસ વધી જાય છે. એના માટે કર્મચારીઓને કામ કરવાની સ્વતંત્રતા આપવી પડશે. જોબ કટ્સ કરવાથી આપણે કશું બચાવી શકીશું નહીં. એના કરતા આપણે ખર્ચ કઇ જગ્યાએ ઘટાડવાનો છે તેના વિશે વિચારવુ જોઇએ.

સુશ્રી શ્રીનિવાસને જણાવ્યુ કે, ટ્રસ્ટ અને ટ્રાન્સફરન્સી બિઝનેસનો કોર હોય છે. કોઇપણ સંસ્થાનો મેનેજર કારના સિટબેલ્ટની જેમ રહેવો જોઇએ. જો તમને ઝાટકો લાગે તો સીટબેલ્ટ તમને પકડીને ખેંચી લેશે. તમારે મુવ કરવાનું હોય તો સીટબેલ્ટ તમને જકડી નહીં રાખે પણ ઢીલાશ આપશે. સીટબેલ્ટ મેનેજર બનીએ તો વગર કામનું કન્ટ્રોલ દૂર થઇ જશે. આથી પોતે ડિસીઝન લેવાનું શીખશો. કયારેક ખોટું ડિસીઝન લેવાતુ હોય તો સીટબેલ્ટ બનીને તમે તેને ખેંચીને સુધારી શકો છો. રોજીંદા જીવનમાં આપણે જે કઇ કામ કરીએ તેમાંથી કાંઇક નવું હટકે કરીએ તો તે એક પ્રકારનું ઇનોવેશન જ છે.

તેમણે પાંચ પ્રિન્સીપલ્સ જેવા કે ટ્રસ્ટ, અલ્ટર્નેટીવ કન્ટ્રોલ્સ, ક્રિએટીવ ઇનોવેશન્સ, સેલ્ફ મેનેજમેન્ટ અને એકસ્ટ્રીમ સ્ટેકહોલ્ડર અલાઇમેન્ટ અને પંદર પિલર્સ વિશે સમજણ આપી હતી. આ પંચલાઇન વર્ક ફોર્સ અને હેપ્પીનેસ ક્રિએટ કરવા માટે કોઇપણ સંસ્થા માટે કામ લાગી શકે છે. સંસ્થાઓ તેમજ ઉદ્યોગ સાહસિકોને પણ ભવિષ્યમાં આ પાંચેય પ્રિન્સીપલ્સ કામ લાગી શકે તેમ છે. બિઝનેસમાં રિબૂટ કરવા માટે દસ ડગલા આગળનું વિચારવુ પડશે. એના માટે સ્ટાન્ડર્ડ એચઆર પ્રેકટીસના ફેવરમાં હું નથી. સેલ્ફ મેનેજમેન્ટ તો અત્યારે લોકો ઘરેથી કામ કરીને બતાવી જ રહયાં છે. સંસ્થામાં માત્ર જૂનિયરોને નહીં પણ સિનિયરોને પણ ટ્રેનીગ આપવાની જરૂર પડતી હોય છે. કર્મચારીઓને સાથે લઇને ચાલવુ ખૂબ જ અગત્યનું હોય છે.

ટાઇ– સુરતના શ્રી રોહન દેસાઇએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. અંતે ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.